




પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

now on Internet www.janfariyad.com

अब तो एक ही आग ''जन फरियाद''

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

તંત્રી : પ્રદિપ રાવલ

સાપ્તાહિક

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-26 ■ અંક-28 ■ તા. 03-07-2022 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk


### જુનાગઢમાં કલાકમાં ૪ ઇંચ ખાબક્યો :

## જૂનાગઢ જિલ્લામાં સાંબેલાધાર વરસાદ, માણાવદરમાં ૪ ઇંચ ખાબકતાં ચારેબાજુ પાણી પાણી

(એ.આર.એલ),જુનાગઢ,તા.૨

જૂનાગઢ જિલ્લાના નવેય તાલુકામાં અષાઢીબીજના દિવસે ધીમી ધારે સાર્વત્રિક વરસાદ વરસ્યો હતો. એ બાદ આજે બીજા દિવસે સમગ્ર જિલ્લામાં વહેલી સવારથી ફરી મેઘરાજાએ પધરામણી કરી હતી અનરાધાર વરસાદ પડો હતો જેમાં માણાવદરમાં ત્રણેક કલાકમાં ૪ ઈંચ, વંથલીમાં ૩ ઈંચ અને જૂનાગઢ શહેર-પંથકમાં ૨ ઈંચ વરસાદ વરસાવી દેતાં વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ છે.

આજનો વરસાદ ખેતરોમાં વાવણી કરાયેલી સુકી મોલતોને નવજીવન મળવા સમાન હોવાથી ખેડુતો ગેલમાં આવી ગયા છે. તો શહેરોની બજારોમાં પાણી ભરાઈ જતા લોકોને મુશ્કેલીઓનો સામનો પણ કરવો પડી રહ્યો હોવા છતાં વરસાદી માહોલની મજા માણી રહ્યા હતા.

ગઈકાલે આખો દિવસ સમગ્ર જૂનાગઢ જિલ્લામાં મેઘરાજાએ પધરામણી કરી વરસાદી માહોલમાં અષાઢી ઝાપટા રૂપે હેત વરસાવ્યા હતા. બાદ આજે બીજા દિવસે પણ સવારથી જ જિલ્લાના નવેય તાલુકાના આકાશમાં કાળા ડીબાંગ ઘટાટોપ વાદળોનું સામ્રાજ્ય છવાઈ ગયા બાદ ધીમીધારે વરસાદ



વરસવાનું શરૂ થયું હતુ. જેમાં અમુક તાલુકાઓમાં અનરાધાર તો અમુક તાલુકાઓમાં ધીમીધારે વરસી રહ્યો હતો, જે બપોરે પણ અવિરત ચાલુ જોવા મળી રહ્યો છે.

જૂનાગઢ જિલ્લામાં આજે સવારે ૬થી બપોરે ૧૨ વાગ્યા સુધીમાં ક્યાં તાલુકામાં કેટલો વરસાદ વરસ્યો તેના પર નજર કરીએ તો, માણાવદરમાં ૧૦૩ મિમી (૪ ઈંચ), વંથલીમાં ૭૨ મિમી (૩ ઈંચ), જૂનાગઢમાં ૪૭ મીમી (૨ ઈંચ), માળીયાહાટીનામાં ૫૨ મિમી (૨ ઈંચ), માંગરોળમાં ૩૧ મિમી (૧ ઈંચ), વિસાવદરમાં ૨૩ મિમી (૧ ઈંચ), મેંદરડામાં ૧૩ મિમી (અડધો ઈંચ), કેશોદમાં ૧૨ મિમી (અડધો ઈંચ), ભેંસાણમાં ૧૫ મીમી (અડધો ઈંચ) વરસાદ વરસ્યો છે.

માણાવદર શહેરમાં આજે સવારે સાતેક વાગ્યા આસપાસ મેઘરાજાએ ફરી મુકામ કરી મેઘસવારી શરૂ કરી હતી. જેમાં સવારે નવેક વાગ્યાથી ધોધમાર વરસાદ વરસવાનું શરૂ થયા બાદ ત્રણેક કલાકમાં અનરાધાર ૧૦૩ મિમી એટલે ૪ ઈંચ જેટલો વરસાદ વરસાવી દેતા સર્વત્ર પાણી પાણી થઈ ગયુ હતુ. જેના પગલે શહેરની બજારોમાં અને નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવવા લાગતા વાહનચાલકો અને રાહદારી લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો હતો. માણાવદર શહેરમાં શાક માર્કેટ, કોર્ટ વિસ્તાર, બાલાસરા શેરી મોચીગલી, બહારપરા સહિતના વિસ્તારોમાં પાણી ભરાવા લાગ્યા હતા. બપોરે મેઘરાજાએ વિરામ લેતા પાણી ઓસરવા લાગતા લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો. માણાવદરના ગ્રામ્ય વિસ્તારોમાં પણ અનરાધાર વરસેલા વરસાદના પગલે નદી- નાળાઓમાં નવા નીર વહેતા જોવા મળતા હતા.

બનાસકાંઠા જિલ્લામાં ગતરાત્રિ સાર્વત્રિક વરસાદ વરસ્યો હતો. જિલ્લામાં લાંબી રાહ જોવડાવ્યા બાદ મધરાતે મેઘરાજાએ ધમાકેદાર એન્ટ્રી કરી હતી, જેમાં દિયોદરમાં ૨૪ કલાકમાં આઠ ઇંચ જેટલો વરસાદ ખાબક્યો હતો, જ્યારે ડીસામાં ૫ ઇંચ વરસાદ વરસ્યો હતો, જેને પગલે ઠેર-ઠેર વરસાદી પાણી ભરાયાં હતાં. ડીસામાં ધોધમાર વરસાદને પગલે ૫૦થી વધુ દુકાનો પાણીમાં ગરકાવ થઈ ગઈ હતી તેમજ દુકાનોમાં ૫થી ૬ ફૂટ સુધી પાણી ભરાયાં હતાં, જેથી દુકાનદારોને હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. જિલ્લાના ૧૪ તાલુકામાં વરસાદ નોંધાયો છે, જેને પગલે ખેડૂતોમાં પણ ખુશી જોવા મળી રહી છે.

જિલ્લામાં દિયોદરમાં સૌથી વધુ ૮ ઇંચ જેટલો વરસાદ ખાબક્યો હતો, જ્યારે અમીરગઢ અને ડીસામાં પણ ૫- ૫ ઇંચ વરસાદ ખાબકતાં જળબંબાકાર જેવી સ્થિતિ સર્જાઈ હતી. પાલનપુર, ડીસા, અમીરગઢ અને દિયોદરમાં અનેક નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયાં હતાં, જેથી વાહનચાલકો સહિત લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. જિલ્લામાં રાત્રે સતત ૪થી ૫ કલાક સુધી ધોધમાર વરસાદ વરસ્યો હતો.

સુરતમાં હવામાન વિભાગની આગાહી પ્રમાણે સાંબેલાધાર વરસાદ વરસવાનું યથાવત્ રહ્યું છે. ગત રોજ સવારે ૬થી આજના ૧૦ વાગ્યા સુધીમાં ઉધનામાં ૮ અને વરાછામાં ૬ ઇંચ વરસાદ ખાબક્યો છે. ભારે વરસાદને કારણે જનજીવન તરબતર થઈ ગયું છે.

સુરત શહેર સાથે જિલ્લામાં પણ ભારે વરસાદને પગલે સુરત સિટીમાંથી પસાર થતી પાંચેય ખાડી અને કોઝવે ઓવરફ્લો થવાના આરે છે. હજુ વધુ વરસાદ પડે તો ખાડી અને કોઝવે ભયજનક સપાટી વટાવી શકે છે, જેને પગલે પાલિકાતંત્ર પણ એલર્ટ થઈ ગયું છે. ભારે વરસાદને કારણે ઉધના ગરનાળામાં પાણી ભરાઈ ગયાં હતાં,

## ચાંદલોડિયાના નવ નિર્મિત પ્લટફોર્મ પર બુકિંગ ઓફિસનું અમિત શાહે લોકાર્પણ કર્યું

### અમદાવાદીઓને ટ્રાફિકની સમસ્યાઓમાંથી મુક્તિ મળશે

અમદાવાદ,તા.૨

અમદાવાદમાં કેન્દ્રીય મંત્રી ગૃહમંત્રી અમિત શાહે વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ કર્યું હતુ.અમદાવાદના ચાંદલોડિયાના નવ નિર્મિત પ્લટફોર્મ પર બુકિંગ ઓફિસનું અમિત શાહે લોકાર્પણ કર્યું હતુ. સાથો સાથ ૧૮ કરોડના ખર્ચે સાબરમતી-ખોડીયાર લાઈન પર નવા ૪ રેલવે અંડર બ્રિજનું ખાત મુહૂર્ત કર્યુ હતુ. આ ઉપરાંત છસ્ઝ અને રેલવેના સંયુક્ત ઉપક્રમે બનેલા કુલ ૩૩ કરોડના ખર્ચના પ્રોજેક્ટ્સનું અમિત શાહના હસ્તે ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

ગુજરાત આવેલા કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે અમદાવાદને મોટી ભેટ આપી છે. તેમણે ચાંદલોડિયા અને ખોડિયાર સ્ટેશન વચ્ચે બનેલા અંડરપાસનું લોકાર્પણ કર્યું. આ ચાંદલોડિયા અંડરપાસનું લોકાર્પણ થતા ટ્રાફિક સમસ્યા હળવી થશે. વરસાદમાં જૂનો અંડરપાસ બંધ થઈ જતા ગ્રાહકોને મોટી મુશ્કેલી પડતી હતી. તેથી ૫ કરોડ ૧૨ લાખના ખર્ચે અંડરપાસ બનાવવામાં આવ્યો છે. ચાંદલોડિયા બી રેલવે સ્ટેશન પર બનેલી બુકિંગ ઑફિસનું પણ લોકાર્પણ કરાયું, જે ૧ કરોડ ૬૪ લાખના ખર્ચે તૈયાર કરાયુ છે. સાબરમતી રેલવે સ્ટેશન ઉપર એસી વેઈટિંગ રૂમનું, મહિલા વેઈટિંગ રૂમનું ઉદ્ઘાટન કરાયું.

લોકાર્પણ બાદ તેમણે કહ્યુ કે, આજે સાબરમતી વિધાનસભા ક્ષેત્ર રેલવે સુવિધાની દ્રષ્ટિથી ઘણો મોટો દિવસ છે. ક્યાંય પણ જવું હોય તો રીક્ષા-સ્કૂટર આવીને રેલવે સ્ટેશને આવીને ઉભી રહી જતી હતી. આજે અંડરબ્રિજ, ઓવરબ્રિજ બધું બનીને તૈયાર છે. હવે ક્યાંય અટકાવવાની જરૂર નહી પડે. પહેલા ચાંદખેડાથી ટિકિટ કરાવવી હોય તો કાલુપુર જવું પડતું હતું. હવે કન્યાકુમારી પણ જવું હોય તો ચાંદલોડિયામાં જ ટિકિટ મળી જશે. ૨ કરોડના ખર્ચે ચાંદલોડિયા પ્લેટફોર્મને ઉપર લાવવાનું કામ થયું છે. સાબરમતી રેલવે સ્ટેશન ઉપર ફૂટ ઓવરબ્રિજના કામનું ખાતમુહૂર્ત થઈ ગયું છે.

અમિત શાહે તેમના સંસદીય મત વિસ્તાર ગાંધીનગરમાં વૃક્ષારોપણ કર્યુ હતું. 'હરિયાળી લોકસભા,ગાંધીનર લોકસભા' અને 'મિશન મિલિયન ટ્રી' અંતર્ગત અમદાવાદ અને ગાંધીનગરને હરિયાળું બનાવાશે તેવો સંકલ્પ અમિત શાહે આપ્યો છે. ૧૫ લાખથી વધુ વૃક્ષો ફક્ત ગાંધીનગર મત વિસ્તાર માં વાવવા લક્ષ કરવામાં આવ્યો છે.

અમિત શાહે કહ્યુ હતુ કે, ગાંધીનગર લોકસભા ક્ષેત્રે આવું ઈનિશિયેટિવ લીધું, જે કોર્પોરેશનને મદદરૂપ થશે. ભાજપના કાર્યકર્તાઓ આવા વૃક્ષો લાવી આપશે તેમના નંબર આપેલા છે. ઘર દીઠ એક વૃક્ષ આપવાની નેમ લઈએ તો કુદરતનું દેવું ઉતારી શકાશે. વેદો ઉપનિષદોમાં પણ કહ્યું છે કે પ્રકૃતિનું દોહન કરી શકાય એનું શોષણ ના કરાય. વિકાસની આંધળી દોટે ઓઝોનનું સ્તર ઓછું કરી મૂક્યુ છે. નદીનું પાણી સાચવવા, નિરોગી રહેવા, ઓક્સિજન મેળવવા વૃક્ષો વાવવા જરૂરી છે.

આ નાનો પણ મહત્વપૂર્ણ કાર્યક્રમ આયોજિત કરાયો છે. તેમણે કહ્યુ હતુ કે, વૃક્ષ વાવવા હશે તો બીજેપીના કાર્યકર્તાઓ તમને લાવી આપશે. આપણી આસપાસના વિસ્તારને હરિયાળું કરવા માટેનો પ્રયાસ કરવાનો છે. આપણે જવાબદારી સમજીને વૃક્ષોનું જતન અને વૃક્ષારોપણ કરીએ તો કુદરતનું દેવું માફ થઈ જાય. કલાયમેટ ચેન્જ અને ગ્લોબલ વોર્મિંગ પર વૈશ્વિક સ્તરે ભારત નેતૃત્વ કરી રહ્યું છે. ઓઝોનનું પડ સમાપ્ત થઈ જશે તો પૃથ્વી સમાપ્ત થઈ જાય. કાર્બન ડાયોક્સાઈડ અને કાર્બન મોનોકસાઈડના બેલેન્સ માટે વૃક્ષો વાવવા જરૂરી છે. કોરોનામાં જે અનુસાર ઓક્સિજનની જે તકલીફ લોકોએ અનુભવી એવી તકલીફ રોજે રોજ લોકો અનુભવે છે.

## હૈદરાબાદ પહોંચ્યા મોદી મુખ્યમંત્રી ફરી ના આવ્યા રિસીવ કરવા, સિન્હાને લેવા કેબિનેટ સહિત એરપોર્ટ પહોંચ્યા

હૈદરાબાદ,તા.૨

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ભાજપની રાષ્ટ્રીય કાર્યકારી બેઠકમાં સામેલ થવા શનિવારે હૈદરાબાદ પહોંચ્યા છે. આ દરમિયાન તેમને રિસીવ કરવા તેલંગાણાના મુખ્યમંત્રી કે.ચંદ્રશેખર રાવ એટલે કે કેસીઆર હાજર રહ્યા નહતા. છેલ્લા છ મહિનામાં આવું ત્રીજીવાર થયું છે, જ્યારે દ્ગઝ્રઇ વડાપ્રધાનને રિસીવ કરવા પહોંચ્યા નથી. આ પહેલાં મે અને ફેબ્રુઆરીમાં પણ તેઓ વડાપ્રધાનને રિસીવ કરવા નહોતા પહોંચ્યા.

બીજી બાજુ, વડાપ્રધાનના આવવાના થોડા કલાક પહેલાં જ વિપક્ષ તરફથી રાષ્ટ્રપતિ ઉમેદવાર યશવંત સિન્હાને રિસીવ કરવા આખા કેબિનેટ સાથે હૈદરાબાદના બેગમપેટ એરપોર્ટ પહોંચ્યા હતા. વડાપ્રધાન પણ આ જ એરપોર્ટ આવવાના છે, પરંતુ તેમના સ્વાગત માટે તેલંગાણા રાષ્ટ્ર સમિતિ સરકારના માત્ર એક મંત્રી એરપોર્ટ પર હાજર રહેશે. રાવને ૧૮ જુલાઈએ થનારી રાષ્ટ્રપતિ ચૂંટણીમાં સિન્હાએ તેમનું સમર્થન આપવાની જાહેરાત કરી છે. યશંવત સિન્હા ધારાસભ્યોનું સમર્થન લેવા માટે હૈદરાબાદ પહોંચ્યા છે.ટીઆરએસએ હૈદરાબાદમાં થનારી ભ્ત્નની રાષ્ટ્રીય કાર્યકારી બેઠકમાં જવાબ આપવા માટે સિન્હાના સપોર્ટમાં બાઈકરેલી બોલાવી છે.

એરપોર્ટથી જલવિહાર સુધી થનારી આ રેલીમાં સિન્હા અને કેસીઆર સામેલ થશે. બંને પાર્ટી વચ્ચે શહેરના રસ્તાઓ પર પોસ્ટરવોર છવાયેલું છે. ભાજપે કેન્દ્ર સરકારની સફળતા ગણાવવા બેનરો લગાવ્યાં છે જ્યારે ટીઆરએસએ મુખ્યમંત્રી રાવ અને યશવંત સિન્હાનાં પોસ્ટર લગાવ્યા છે. ૨૬ મેના રોજ બેંગલુરુમાં પૂર્વ વડાપ્રધાન દેવગૌડા અને તેમનાં દીકરા એચડી કુમારસ્વામીને મળવા પહોંચેલા તેલંગાણાના ચંદ્રશેખર રાવ.

વડાપ્રધાન ગઈ વખતે ૨૬ મેના રોજ ઈન્ડિયન સ્કૂલ ઓફ બિઝનેસના ૨૦ વર્ષ પૂરાં થતાં હૈદરાબાદ પહોંચ્યા હતા. ત્યાં વડાપ્રધાને વૈષ્ણવ સંત રામાનુજાચાર્ય સ્વામીની પ્રતિમા 'સ્ટેચ્યૂ ઓફ ઈક્વાલિટી' દેશને સમર્પિત કરી હતી. આ દરમિયાન પણ તબિયત સારી ના હોવાનું બહાનું કરીને રાવે વડાપ્રધાન સાથે મુલાકાત કરી નહોતી.

## ઉદયપુર હત્યાકાંડ: કનૈયાલાલના હત્યારાઓનો કેસ લડવા વકીલોનો ઈનકાર

ઉદયપુર,તા.૨

ઉદયપુરમાં નુપુર શર્માને સમર્થન આપવા બદલ ટેલર કનૈયાલાલની હત્યા બાદ લોકોમાં હજી પણ ભારે આક્રોશ છે અને વકીલો પણ તેમાંથી બાકાત નથી.

કનૈયાલાલના બે હત્યારાઓનો કેસ લડવાનો ઉદેપનરા વકીલોએ ઈનકાર કરી દીધો છે. સાથે સાથે વકીલોએ હત્યારાઓને ફાંસી આપવાની માંગ કરી છે.

ગઈકાલે આરોપીઓ મહોમ્મદ ગૌસ અને આસિફને કોર્ટમાં રજૂ કરાયા ત્યારે પણ વકીલોએ તેમની વિરુધ્ધ ઉગ્ર સૂત્રોચ્ચાર કર્યા હતા.

જોકે વકીલો કેસ લડવા ના માંગતા હોય તેવી આ પહેલી ઘટના નથી. આ પહેલા ૨૦૦૬માં બનારસમાં થયેલા બોમ્બ બ્લાસ્ટના આરોપી વલીઉલ્લાહનો કેસ લડવાની વકીલોએ ના પાડી હતી.

ગયા વર્ષે ભારત પાકિસ્તાન વચ્ચે ટી ૨૦ મેચ દરમિયાન પાકિસ્તાનની જીતની ઉજવણી કરનારા કાશ્મીરી વિદ્યાર્થીઓનો કેસ લડવા માટે પણ આગ્રાના વકીલોએ ઈનકાર કરી દીધો હતો. નિર્ભયા કેસના આરોપી અને મુંબઈ હુમલાના આરોપી અજમલ કસાબના કેસમાં પણ આવુ જ થયુ હતુ.

જોકે આવા મામલાઓમાં સુપ્રીમ કોર્ટનુ વલણ બહુ સ્પષ્ટ હોય છે. સુપ્રીમ કોર્ટના કહેવા પ્રમાણે કોઈ પણ વ્યક્તિ કેટલો પણ પાપી કે રીઢો ગુનેગાર કેમ ના હોય પણ તેને કોર્ટમાં પોતાની વાત રજૂ કરવાનો હક છે અને વકીલની ફરજ છે કે, તેનો બચાવ કરવા માટે કેસ લડે.

## ૨૬૭ રૂપિયામાં કરોડોના મિસાઈલનો ખાતમો, ઈઝરાયેલ એક સમયના કટ્ટર દુશ્મનને વેચશે આયરનબીમ એર ડિફેન્સ સિસ્ટમ

નવીદિલ્હી,તા.૨

ચારે તરફ દુશ્મનો વચ્ચે ઘેરાયેલુ ટચૂકડુ ઈઝરાયેલ અત્યાધુનિક હથિયારો બનાવવામાં મોખરે છે. ઈઝરાયેલે એવી અત્યાધુનિક એર ડિફેન્સસ સિસ્ટમ બનાવી લીધી છે કે, જેને ભેદવાનુ દુશ્મન દેશના વિમાનો, ડ્રોન અને મિસાઈલ માટે અત્યંત મુશ્કેલ થવાનુ છે. આ એર ડિફેન્સ લેસરથી સંચાલિત છે અને તેને આયરનબીમ નામ આપવામાં આવ્યુ છે.

મહત્વની વાત એ છે કે, ઈઝરાયેલ પોતાની આ સિસ્ટમને એક સમયના કટ્ટર દુશ્મન રહેલા એક આરબ દેશને સૌથી પહેલા વેચવા જઈ રહ્યુ છે. કારણકે ઈઝરાયેલ અને આરબ દેશો માટે હવે ઈરાન દુશ્મન નંબર વન બની ગયુ છે અને ઈઝરાયેલ તથા આરબ દેશો વચ્ચેના સબંધો વધારે સારા થઈ રહ્યા છે. એક અહેવાલ પ્રમાણે આયરન બીમ સિસ્ટમ ઈઝરાયેલ સાઉદી અરબને વેચશે. જોકે આ પહેલા તે પોતાના મિત્ર અમેરિકાને વિશ્વાસમાં લેશે અને અમેરિકાની હા આવ્યા બાદ સાઉદી અરબને આ સિસ્ટમ આપશે. જેથી અમેરિકા અને ઈઝરાયેલની વર્ષો જુની મિત્રતામાં ખટરાગ ના સર્જાય.

ઉલ્લેખનીય છે કે, આયરનબીમ સિસ્ટમનો વિડિયો બે મહિના પહેલા તત્કાલિન પીએમ નફટાલી બેનેટે શેર કર્યો હતો. લેસર પર આધારિત આ સિસ્ટમ લેસર કિરણો વડે દુશ્મનના ડ્રોન, મિસાઈલ કે મોર્ટાર અને વિમાનનો ખાતમો કરી શકે છે. આ સિસ્ટમ થકી એક એટેક કરવાનો ખર્ચ માત્ર ૨૬૭ રૂપિયા આવે છે અને આટલા ખર્ચમાં તે કરોડ રૂપિયાના ડ્રોન કે મિસાઈલને તોડી પાડી શકે છે. અત્યારે ઈઝરાયેલી એરફોર્સ અને ગ્રાઉન્ડ ફોર્સ તેનો ઉપયોગ પણ કરી રહી છે.

## ફડણવીસને દિલ્હીની રાજરમતની ખબર જ હતી

મુંબઈ,તા.૨

મહારાષ્ટ્રમાં મોટી રાજકીય ઉથલપાથલ ચાલ્યા બાદ હવે જાણવા મળ્યુ છે કે, ભાજપા નેતા દેવેન્દ્ર ફડળવીસને આખા ઘટનાક્રમની તમામ જાણકારી પહેલાથી જ હતી. તેમણે પાર્ટીના ટોચના નેતૃત્વના આહ્વાનને માન આપવા માટે મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી તરીકે પદ સ્વીકાર્યું છે. આટલુ જ નહી એક ટોચના અધિકારીએ જણાવ્યું હતું કે, ×દેવેન્દ્ર ફડણવીસ મહારાષ્ટ્રમાં ડેવલેપમેન્ટની જાણકારી હતી. તેમના રાજકીય કૌશલ્ય વગર આ કામ ખરેખર શક્ય નહોતુ. સૂત્રો દ્વારા જાણવા મળ્યુ છે કે, પીએમ મોદીએ ઓછામાં ઓછા બે વાર તેમની સાથે મુલાકાત કર્યા પછી દેવેન્દ્ર ફડણવીસે ડેપ્યુટી સીએમ તરીકે શપથ લીધા હતા. ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડા સાથે કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે પણ ફડણવીસને ટ્વિટર પર અપીલ કરી હતી.પાર્ટીના એક ટોચના નેતાએ જણાવ્યું હતું કે, ×ફડણવીસને કોઈ સૂચના આપવામાં આવી ન હતી અને કોઈને જાણ નહોતી કે, તે આ ઘોષણા કરશે કે,ફડળવીસ સરકારનો ભાગ નહીં હોય.''આ જાહેરાત બાદ ફડળવીસને તેમના નિર્ણય પર પુનર્વિચાર કરવા કહેવામાં આવ્યું હતું. સૂત્રોએ આગળ ઉમેરતા કહ્યું કે, ×ફડણવીસ એક ઈમાનદાર ના છે. પાર્ટીને એ વાતનો અહેસાસ થયો કે, ફડળવીસે આશ્ચર્યજનક જાહેરાત કરી હતી. તેમને થોડા કલાકોમાં તેમના નિર્ણય પર પુનર્વિચાર કરવા કહેવામાં આવ્યું હતું. પાર્ટીના એક વરિષ્ઠ કાર્યકર્તાએ કહ્યું કે, દેવેન્દ્ર એક વફાદાર પાર્ટી કેડર રહ્યા છે. તેઓ સતત આગળ વધ્યા છે. તેથી જ તેઓ સિસ્ટમના અનુશાસસને સમજે છે.સૂત્રોએ ફડણવીસની પણ પ્રશંસા કરી હતી અને કહ્યું હતું કે, મહારાષ્ટ્ર વિધાનસભામાં વિપક્ષના નેતા તરીકેના તેમના નેતૃત્વના કારણે પાર્ટીએ તાજેતરમાં રાજ્યસભાની ત્રીજી બેઠક જીતી લીધી હતી અને ઉદ્ધવ ઠાકરેની આગેવાની હેઠળની શિવસેના સરકાર સામે જંગી બળવો પણ કર્યો હતો.

## એનએસયુઆઈના નવા પ્રમુખની વરણી પહેલા રાજીનામા પડ્યા

અમદાવાદ,તા.૨

ગુજરાત એનએસયુઆઈને નવા પ્રમુખ મળ્યા છે. નરેન્દ્ર સોલંકીએ નવા પ્રમુખનો ચાર્જ સંભાળ્યો હતો. જોકે, નવા પ્રમુખની વરણી પહેલા જ આંતરિક વિવાદ સામે આવ્યો છે. નરેન્દ્ર સોલંકીના ચાર્જગ્રહણ પહેલા અનેક કાર્યકર્તા નારાજ હોવાનુ સામે આવ્યુ છે. સાથે જ એનએસયુઆઈનાં નવા પ્રદેશ પ્રમુખનાં પદગ્રહણ બાદ એનએસયુઆઇના ગુજરાત પ્રદેશ મહામંત્રી ફરહાન ખાને રાજીનામુ આપ્યુ છે. આમ, કોંગ્રેસમાં નવો વિવાદ ઉભો થયો છે.

નરેન્દ્ર સોલંકી પદગ્રહણ સમારંભમાં પ્રદેશ અધ્યક્ષ જગદીશ ઠાકોર, યુથ કોંગ્રેસના પુર્વ પ્રમુખ ઇન્દ્રવિજયસિંહ ગોહિલ,એનએસયુઆઇના પુર્વ પ્રમુખ હાજર રહ્યા હતા. આ પ્રસંગે નરેન્દ્ર સોલંકીએ કહ્યુ કે, હોસ્ટેલમાં રહી અભ્યાસ કરતા વિદ્યાર્થીને એનએસયુઆઇનો પ્રમુખ બનાવ્યો તે બદલ શિર્ષસ્થ નેતૃત્વને આભારી છું. વિદ્યાર્થીના પ્રશ્નો મુદે લડવા અને રાજ્યમાં ફેલાયેલા ડ્રગ્સના દુષણને ડામવા કાર્યરત રહીશ.

એનએસયુઆઇના નવા પ્રમુખ ચાર્જ ગ્રહણ કરે તે પહેલાં જ વિરોધનો વંટોળ ઉભો થયો છે. નરેન્દ્ર સોલંકીના ચાર્જગ્રહણ પહેલાં જ અનેક એનએસયુઆઇ કાર્યકર્તા નારાજ હોવાનુ સામે આવ્યુ છે. મોટા જુથના ઈશારે રઘુ શર્મા થકી નરેન્દ્ર સોલંકીની પ્રદેશ અધ્યક્ષ તરીકે વરણી થઈ હોવાના આક્ષેપ ઉઠ્યા છે.

## પાટણ જિલ્લામાં મધ રાત્રે ફૂંકાયેલા ભારે પવન અને ગાજવીજ સાથેના વરસાદે ભારે તારાજી સર્જી

### બેના મોત

પાટણ,તા.૨

પાટણ જિલ્લામાં ગતરોજ અષાઢી બીજના રોજ સાંજે વાતાવરણમાં અચાનક પલટો આવ્યો હતો અને મેઘરાજાએ ધમાકેદાર એન્ટ્રી કરી હતી. ત્યારે પાટણ શહેર સહિત ચાણસ્મા, સરસ્વતી, હારીજ અને રાધનપુર તાલુકામાં ભારે ગાજવીજ વરસાદ સાથે ભારે પવન ફૂંકાયો હતો. જેને લઈ જિલ્લામાં કેટલાક વિસ્તારોમાં ભારે તારાજી સર્જાઈ હતી. વીજળી પડવાથી હારીજ તાલુકામાં એક મજૂરનું મોત થવા પામ્યું હતુ, તો સરસ્વતી તાલુકામાં વીજ કરંટ લાગવાથી એકનું મોત થયું હતું. જ્યારે ચારથી વધુ પશુઓના અલગ અલગ વિસ્તારોમાં મોત થવા પામ્યા હતા ચાણસ્મા પંથકમાં ભારે પવનના કારણે રસ્તાઓ ઉપર વૃક્ષો ધરાશાયી થવાના બનાવો બન્યા હતા.પાટણ જિલ્લામાં લાંબા વિરામ બાદ શુક્રવારે મોડી રાત્રે પડેલા ધોધમાર વરસાદ અને ભારે ગાજવીજ તેમજ પવનના કારણે ભારે તારાજી સર્જાવા પામી છે. જેમાં હારીજ તાલુકાના જશોમાવ ગામ ખાતે ઈંટોના ભઠ્ઠાના મજૂરો ઉપર વીજળી પડવાનો બનાવ બન્યો હતો. જેમાં એક યુપીના મજૂરનું મોત થયું છે. તેમજ બે મજૂરોને ઈજાઓ પહોંચી છે. સરસ્વતી તાલુકાના મેલુસણ ગામે લાકડાના લાટીના માલિક પ્રવીણ ભેમાંભાઈ સુથાર દુકાનનું શટર ખોલતા હતા, ત્યારે વીજ કરંટ લાગત મોત થયું હતું.આ ઉપરાંત પાટણ જિલ્લામાં અલગ અલગ ગ્રામીણ વિસ્તારોમાં વીજળી પડવાથી ચાર જેટલા પશુઓના મોત થયા છે. હારીજ શહેરમાં પણ વીજ થાંભલો પડવાથી બે આંખલાઓના મોત થયા છે.પાટણ શહેરમાં વરસાદ પડતાં કોલેજ રોડના ગરનાળામાં પાણી ભરાઈ ગયા હતા. જેના કારણે સ્કૂલે જતા વિદ્યાર્થીઓને હાલાકી પડી હતી. તો એક સ્કૂલ રિક્ષા ગરનાળા ફસાઈ હતી. આમ ગરનાળામાં પાણી ભરાઈ જવાના કારણે વિદ્યાર્થીઓ રેલવે ફાટક ફરીને સ્કૂલે જવું પડ્યું હતું. તો ગરનાળા પાણી ભરવાના કારણે રેલવે ફાટક રોડ ઉપર પણ ટ્રાફિક જામ સર્જાયો હતો.

# તંત્રી લેખ

## અનુપમ માર્ગદર્શકઃ સદગુરૂ

ગુરૂ શબ્દ પ્રાચિન અધ્યાત્મની ધરોહર છે.સંત મહાત્માઓએ ગુરૂને પુરાતન યુગીન શાસ્ત્રીય અર્થોથી અલગ અલગ સ્વરૂપે અપનાવ્યાં છે.તેમના મત અનુસાર ગુરૂ ફક્ત અધ્યાપક કે માર્ગદર્શક જ નહી પરંતુ પરમપિતા પરમાત્માના અંશના નિર્મિત હોય છે.જેની કલ્પના પૌરાણિક વિચાર પધ્ધતિએ અવતાર ધારણાની પરિભાષામાં કરી છે.શ્રીમદ્ ભગવદ્ ગીતા. ભગવાન શ્રીકૃષ્ણે કહે છે કે ×જ્યારે જ્યારે ધર્મની હાની અને અધર્મની વૃધ્ધિ થાય છે ત્યારે ત્યારે હું પોતાની જાતને સાકારરૂપે પ્રગટ કરૂં છું.સાધુઓ (ભક્તો)ની રક્ષા કરવા માટે,પાપ કર્મ કરવાવાળાઓનો વિનાશ કરવા માટે અને ધર્મની સારી રીતે સ્થાપના કરવાને માટે હું યુગ યુગમાં પ્રગટ થયા કરૂં છું.રામચરીત માનસમાં ગોસ્વાધમી તુલસીદાસજી લખે છે કે જ્યારે જ્યારે ધર્મની હાની થાય છે અને નીચ..અભિમાની તથા અસુરોની વૃધ્ધિ થાય છે અને જ્યારે તેઓ વર્ણવી ના શકાય તેવી અનીતિ કરે અને બ્રાહ્મણો ગાયો દેવતાઓ તથા પૃથ્વી ખેદ પામે છે ત્યારે ત્યારે કૃપાનિધિ પ્રભુ વિવિધ શરીરો ધારણ કરીને સજ્જનોની પીડાનું હરણ કરે છે.સંસારમાં સાધારણમાં સાધારણ કાર્ય શીખવા માટે અમારે તેના જાણકારનું શરણું લેવું પડે છે, એવા વ્યક્તિની શોધ કરવી પડે છે કે જે પહેલાંથી જ તે ક્ષેત્રનો જાણકાર હોય છે, તેવી જ રીતે આધ્યાત્મિક ક્ષેત્રમાં પણ શાંતિ પ્રાપ્ત કરવા માટે કોઈ પરમ પુરૂષની શરણાગતિ અતિ આવશ્યક છે.જેવી રીતે પ્રકાશ વિના અંધકાર દૂર થતો નથી,જ્ઞાની વિના જ્ઞાન પ્રાપ્તિ ફક્ત કલ્પના જ છે, નાવિક વિના નૈયા પાર ઉતરી શકાતું નથી, શિક્ષક વિના શિક્ષણ પ્રાપ્ત થતું નથી તેવી જ રીતે ગુરૂ જ્ઞાનરૂપી પ્રકાશ વિના માયાનો અંધકાર દૂર થઈ શકતો નથી.ગુરૂજ્ઞાન વિના રહસ્ય રહસ્ય જ રહી જાય છે.જે પણ તેમને મળે છે તેમને રામની સાથે કે જે ઘટઘટમાં રમી રહ્યા છે તે જ્યોતિ સ્વરૂપ પ્રભુની સાથે જોડી દે છે.ગુરૂ શબ્દનો અર્થ પણ એ જ છે કે જે અજ્ઞાનરૂપી અંધકાર દૂર કરી જ્ઞાનરૂપી પ્રકાશ પ્રદાન કરે. ગુરૂ સત્યનો બોધ કરાવે છે કે જેનાથી અંતરનું અજ્ઞાનરૂપી અંધારૂં દૂર થાય છે તેવા જ ગુરૂને ધારણ કરો કે જે સત્યની પ્રતીતિ કરાવી દે.જે અકથ છે,અવર્ણનીય છે,તેનો અમોને અનુભવ કરાવી દે. કબીર સાહેબ કહે છે કે ''સાધો સો સદગુરૂ મોહે ભાવે,પરદા દૂર કરે આંખનકા નિજ દર્શન દિખલાવે.'' ગુરૂનું આ જ કામ છે.ગુરૂ તો તે છે જે અજ્ઞાનતાનો પડદો હટાવીને અંર્તમુખ જ્યોતિનો અનુભવ કરાવે છે. હરિનામનું અમૂલ્ય રત્ન પૂર્ણ ગુરૂની પાસે હોય છે.જે તેમના આદેશ મુજબ ચાલે છે,તેને પોતાનો વ્યક્તિગત અનુભવ કરાવી દે છે.સમય સમયે અનેક મહાન વિભૂતિઓ વિશ્વમાં અવતરીત થતી રહે છે.પૃથ્વી પર અવતરીત થવા છતાં ઈશ્વર સાથે તેમનો સબંધ અતૂટ રહે છે.આ વિભૂતિઓ ઈશ્વરના પ્રતિનિધિના રૂપમાં આવે છે,તે આ વિશ્વના મિથ્યા રંગ તમાશાઓમાં ભાગ લેવા છતાં પણ તેનાથી અલિપ્ત રહીને પ્રભુ પરમાત્માની યાદમાં તલ્લીન રહે છે અને જે પોતે પરમાત્મામાં લીન હશે તે જ સંસારના નરકમાં બળતા જીવોને પોતાના જેવી લીનતાનો માર્ગ બતાવી શકે છે.આવી વ્યાપક આત્માઓની શોધની આવશ્યકતા છે. ગુરૂની શોધ જિજ્ઞાસા ઉત્સુકતાની ઉગ્ર સ્થિતિ સાધકની પ્રથમ અને અંતિમ સીડી છે.

કબીર સાહેબના શબ્દોમાં ''જિન ઢૂંઢા તિન પાઈયા ગહરે પાની પૈઠ,મૈં બાવરી ડુબનિ ડરી રહી કિનારે બૈઠ..'' શોધની સત્યતાનું આ પ્રમાણ છે.જે શોધ કરે નહી,ઉંડાણમાં ઉતરશે નહી તે શું પ્રાપ્ત કરી શકશે? તે તો કિનારા ઉપર બેસીને જ જીવનની અનમોલ ઘડીઓને ગુમાવી દેવાનો ! ગુરૂની પ્રાપ્તિ ના માટે હું અને મારાપણાનો ત્યાગ તથા અભિમાન રહિત નિષ્કપટ શોધની આવશ્યકતા છે.

મોક્ષ-પ્રદાતા ગુરૂને તે જ પ્રાપ્ત કરી શકે છે કે જેનું પ્રારબ્ધ ઉચ્ચકોટિનું છે અને જે સંસારમાં સદગુણોની ખાણ બનીને જીવનના ચરમ લક્ષ્યની પ્રાપ્તિના માટે પ્રયત્ન કરે છે.પ્રભુ પરમાત્માની પરમકૃપા જ જિજ્ઞાસુઓને ગુરૂ સાથે ભેટો કરાવે છે.જિજ્ઞાસુ ભાવથી યાચના કરનારને હરિદાન આપનાર, બ્રહ્માનુભૂતિ કરાવનાર ભૂલેલા ભટકેલા પ્રાણીઓને પરમતત્વમાં લીન કરવા તથા માયાન્ધ વ્યક્તિને વિવેક નેત્ર પ્રદાન કરી કાળની સીમાથી બહાર પરમપિતા પરમાત્મા સાથે સબંધ જોડી આપનાર શક્તિનું નામ ગુરૂ છે.

ભારતીય વિચારધારા જન્મ-મરણના ચક્રની યર્થાથતામાં વિશ્વાસ રાખે છે તેમાંથી ગુરૂ મુક્ત કરી શકે છે.ત્રણે લોકમાં ગુરૂ સિવાય કોઈ મુક્તિનું સાધન નથી.તેમની પ્રેરણા અને માર્ગદર્શનથી જ જીવ પ્રભુ ભક્તિ કરી શકે છે તથા રાત દિવસ તેનામાં મગ્ન રહીને પોતાની માનસિક તથા આધ્યાત્મિક ભૂખ શાંત કરી શકે છે.ગુરૂ પોતે એક તીર્થ છે.તેમના ચરણોમાં બેસવા માત્રથી પાપો ધોવાઈ જાય છે.તે સંતોષનો ભંડાર હોય છે.વાસ્તવમાં જો ગુરૂ પૂર્ણ હોય તો પશુ સમાન પતિત અને કુટિલ મનુષ્યને પણ દેવત્વ-પદ પ્રાપ્ત કરે છે. તેમના હૃદયમાંથી હંમેશાં નીકળતી બ્રહ્મજ્ઞાનની સુગંધ વિશ્વ પ્રકૃતિને સુગંધિત કરે છે.આવા મહામાનવના ચરણોમાં શિશ ઝુકાવવાથી અવશ્ય કલ્યાણની પ્રાપ્તિ થાય છે.સદગુરૂ સમાજના દરેક વ્યક્તિને બ્રહ્મજ્ઞાન પ્રદાન કરીને પોતાના મૂળ સ્વારૂપ પરમાત્માનો સાક્ષાત્કાર કરાવીને વ્યક્તિ તથા સમાજને સ્વર્ગીય આનંદ પ્રદાન કરે છે.

હવે સહજમાં જ પ્રશ્ન થાય કે મુક્તિદાતા,જીવ-બ્રહ્મમાં એકત્વ સ્થાપિત કરનાર તથા સંસારના વિષય વિકારોમાંથી મુક્તિ અપાવનાર ગુરૂ ક્યાંના નિવાસી હોય છે? શારીરિક રૂપમાં તે ભલે દુનિયાદારી દેખાય પરંતુ વાસ્તવમાં તે આ વિલાસી જગતના હોતા નથી,તે દુનિયાના નરકમાં તડપતી માનવતાના મસીહા ભૌતિકરૂપ લઈને આવે છે તેમછતાં તે સ્વયમ્ પરબ્રહ્મ પરમાત્માના પ્રતિનિધિ હોય છે.ગુરૂ દેહમાં જ સ્થિત હોતા નથી,તે પ્રભુથી અભિન્ન હોય છે,તે સાકાર હોવા છતાંપણ નિરાકાર હોય છે,તે જીવોનું કલ્યાણ કરવા માટે દેહ ધારણ કરતા હોય છે.આ જગતના કોઈ બંધન તેમને હોતા નથી.ગુરૂ એ પ્રભુએ મોકલેલ દૂત છે.જે સંસારના કલ્યાણના માટે પ્રભુથી વિખૂટા પડેલ જીવોને પરમાત્માની સાથે જોડવા માટે આવે છે.

હવે પ્રશ્ન થાય કે ગુરૂ પણ અમારી જેમ જ માનવ છે તો પછી તેમને વિશેષતા કેમ આપવામાં આવે છે? તેનો જવાબ એ છે કેઃગુરૂનો અમારી જેમ જ માનવ દેહ હોય છે પરંતુ તેમનામાં પરમાત્મા પ્રગટ રૂપમાં હોય છે.પરમાત્મા દરેકમાં છે જ પરંતુ ''સબ ઘટ મેરા સાંઈયા સૂની સેજ ના કોઈ, બલિહારી તિસ ઘટકી જા ઘટ પ્રગટ હોય..'' ગુરૂમાં જે સત્તા પ્રગટ છે તે બીજાઓમાં પણ પ્રગટ કરતા હોય છે એટલા માટે જ તે માનવ શરીરને અમે વિશેષ માનીએ છીએ,તેમની પૂજા કરીએ છીએ.


મનુષ્યએ પોતાના જીવન લક્ષને પ્રાપ્ત કરવા, જન્મ-મરણના ચક્કરમાંથી મુક્ત થવા કોઈ સાચા ગુરૂની શોધ કરવી જોઈએ.ગુરૂ એક એવી શક્તિ છે જેમની અનુપસ્થિતિમાં મનુષ્ય પાસે બધું જ હોવાછતાં પણ શૂન્ય છે,તે કસ્તુરી મૃગની જેમ પોતાની અંદરથી જ આવતી સુગંધને જંગલોમાં, પહાડો,તિર્થોમાં શોધતો ફરે છે,તેને કોઈ વાસ્તવિકતા સમજાવી દે તો તેને કેટલી અલૌકિક શાંતિ મળે ! સર્વત્ર સાક્ષાત બ્રહ્મ વિધમાન છે તેમની સુગંધી એટલે કેઃ માયા કે પ્રકૃતિ ચારે દિશામાં ફેલાયેલ છે પરંતુ ગુરૂરૂપી સોપાન વિના આ સ્થિતિને પ્રાપ્ત કરવી અસંભવ છે.ગુરૂ સત્ય-અસત્યનો માપદંડ છે.સંસાર સાગરથી પાર કરાવનાર નાવિક તથા મહાનતમ તીર્થ છે,જેના દર્શન કરવાથી અડસઠ તીર્થોનું પુણ્ય પ્રાપ્ત થાય છે.

સદગુરૂના આદેશ-ઉપદેશને માનનાર,તેમના આદેશ મુજબ આચરણ કરનાર ઈશ્વરનો સાક્ષાત્કાર કરીને તેમાં લીન થઈ જાય છે.ગુરૂ વચનોની સહાયતાથી તેને કાળનો ભય રહેતો નથી.જ્યાંસુધી સદગુરૂની શરણાગતિ લેવામાં આવતી નથી ત્યાંસુધી પ્રભુ મિલનની વાતો ફક્ત કોરી કલ્પના જ છે.

આત્મા જ્યારે પોતાનું અલગ અસ્તિત્વ નથી..એવું સમજી ઈશ્વરમાં લીન થઈ જાય છે એટલે કે અંશ અંશીમાં સમાઈ જાય છે તો મનુષ્યને સંસારમાં પુનઃજન્મ લેવો પડતો નથી.બ્રહ્મમાં લીન થયા પછી તેનું અલગ વ્યક્તિત્વ? રહેતું નથી,તેને જ મોક્ષ કહેવામાં આવે છે.ગુરૂ માર્ગ-પ્રદર્શક જ્યોતિ છે તેના વિના અવિવેકના અંધકારમાં રસ્તાની શોધ કરવી અસંભવ છે.ગુરૂ અને પરમાત્મામાં મોટું કોન? આ પ્રશ્ન ઉપર પુરાતન કાળથી વિચારો થઈ રહ્યા છે.શું આ બંન્ને એક છે? શું બંન્નેમાં અંતર છે? આ પ્રશ્ન પણ આ સંદર્ભમાં વિચારણીય છે.અદ્વૈતવાદી વિચારક બંન્નેના એકત્વ સિધ્ધ કરવા માટે નિઃસંકોચ કહી ઉઠે છે કે ''ગુરૂ જ બ્રહ્મા છે,ગુરૂ જ વિષ્ણુ છે અને ગુરૂ જ શંકર ભગવાન છે,ગુરૂ જ સાક્ષાત પરબ્રહ્મનું રૂપ છે એટલે કે સંસારમાં ઉત્પત્તિ, પોષણ અને શાંત કરવાવાળી ત્રણે શક્તિઓ ગુરૂમાં હોય છે.''

વિનોદભાઈ માછી નિરંકારી
નવીવાડી,તા.શહેરા,પંચમહાલ
૯૭૨૬૧૬૬૦૭૫(મો)

# એષા ખુલ્લી કિતાબ -પ્રકરણ ૧૫




રોહિતનાં કથળતાં જતાં સ્વાસ્થને સાચવવા શરૂ થઈ, એક નવી ટ્રીટમેન્ટ, એમ જ કહોને કે એક નવી અજમાયેશ જ તો વળી.

આ નવી રશિયન રસીની અસર દર ૮ કલાકે જોવાની હતી લોહીનાં કેન્સર કણોની સામે આ રસી એન્ટિબોડી પેદા કરવાના હતા. રોહિતને થતા દર્દને નિવારવા અપાતી દવાઓમાં રસીને સક્રિય કરવા નોંધપાત્ર ઘટાડો કર્યો હતો છતાંય પીડા તો થતી હતી. અને તે પીડાને રોહિત વેઠતો હતો. તેની નબળાઈ તો ઘટવાનુ નામ જ લેતી નહોંતી. આખા આણંદમાં શિવાનંદજીની ભવિષ્ય વાણીએ અજબ શ્રધ્ધાનું વાતાવરણ ઊભું કર્યુ હતુ, લોકો અખંડ જાપ અને ભજન કરતા હતા. ડૉ.રોહિત આણંદનું ગૌરવ અને આગવું વ્યક્તિત્વ તો હતા.

લોકોનાં વિશ્વાસ અને માનને જોતા ધ્રુમિલ અને ઋચા પણ ગદગદ થઈ જતાં. ક્યારેક અઠવાડિયા પસાર થઈ જતાં અને કોઈ ધારી અસર દેખાતી નહોંતી તેથી સૌનો ઉચાટ વધી રહ્યો હતો. એષા માટે તો જાણે આ એક જંગ જ હતો. લેબોરેટરીની દરેક સ્લાઈડોમાં દેખાતા કેન્સર કણો ક્યારે ઘટે તેની ચિંતા હતી.

આજે સવારે ઊઠી જ રોહિતે કમ્મરમાં સખત દુખાવાની ફરિયાદ કરી. દવાના જોરે દર્દ દબાવવાને બદલે એષાએ તેને માલિશ અને મસાજથી રાહત આપવાની ઝુંબેશ ઉપાડી. છેક મોડી સાંજે તેણે ભાન ગુમાવ્યુ ત્યારે કાર્તિકે ઋચાને કહ્યું, ''રસીની અસર જણાતી નથી. હમણાં સૌ અહીં જ રહેવું જોઈએ એવું મને લાગે છે.''

એષા ઉતાવળા અને ઉચાટભર્યા અવાજે બોલી ઊઠી, '' તમે લોકો નકામા ના ગભરાવો.''

પણ એનાથી સત્ય નજરઅંદાજ કરી શકાય એમ નહોતું એ તો એષા પણ જાણતી હતી,સમજતી હતી.

રોહિતને ફરીથી એક બૂસ્ટર ડોઝ આપવામાં આવ્યો. શક્ય છે એ બૂસ્ટર ડોઝની અસર થાય. આશા અને અજમાયેશ છોડવી નહોતી.

રોહિત આ દરેક ગતિવીધીને સમજતો હતો. ચમત્કારોમાં તો એ માનતો નહોતો પણ શિવાનંદજીની વાતોથી તેના મનમાં પરમ તત્વ તરફ

શ્રદ્ધા જાગી હતી. અંદરથી એને અજબ જેવી શાંતિનો અનુભવ થતો હતો, ફક્ત એષા વિશે વિચારતા તેની આંખો ભરાઈ જતી.

એનાં આંસુ જોઈને સૌ ઢીલા પડી જતાં. રોહિતને હવે પોતાના દર્દ કરતા એષાના ભાવિની ચિંતા કોરી ખાતી.

રાતના સમયે મહદ અંશે એષા તેની સાથે જ રહેતી. ઉંઘની દવા તેને બહુ દર્દ હોય તો જ અપાતી. એષા અને રોહિત ઘણી વખત ભૂતકાળ યાદ કરતાં.

જાણે-અજાણે એષાને કરેલા અન્યાયની વાત રોહિત કરતો તો એષા એને રોકી લેતી અને કહેતી,

'' જે રાત ગઈ તેની વળી વાત શું?''

રોહિત કહેતો, '' જો હવે મને સમય મળશે તો મેં કરેલ સર્વ ઊપેક્ષાનાં દંડની સજા હું મને આપીશ.''

એષા ઘણી વખત એના એ વલણો ને હસી કાઢતી અને રોહિત પર હાવી થતાં નિરાશાનાં વાદળોને વિખેરી નાખવા મથતી.

સતત નિરાશાજનક મળતા બ્લડવર્કના રિપૉર્ટ જોતાં રહેતાં એષા અને કાર્તિક ઘણાં સમય પછી રેડ બ્લડસેલ કાઉન્ટ વધેલા જોઈને રાજી થયાં.

રોહિતને પણ તે દિવસે ઘણુ સારુ લાગતું હતું.આશિતે હોર્મોન્સ ઘટાડવા શરુ કર્યા અને બધી હિમેટોલૉજિકલ સ્લાઇડ્સ ડૉ, સંદિપ શાહને મોકલી આપી. ૨૮મા દિવસે વ્હાઇટ બ્લડસેલ્સ કાઉન્ટ ઓછા થયા. આટલી વાતથી એષાના મનમાં ફરી એક વાર આશાનો સંચાર થયો. ડૂબતો તરણું ઝાલે એમ એણે આ ટ્રીટમેન્ટ ચાલુ રાખવા કાર્તિક સાથે વાત કરી.

એષા તે દિવસે ખુશ હતી. પ્રભુ આંગણે જઈને ખરા મનથી પ્રભુને પ્રણામ કરી તે બોલી પ્રભુ!, ''તમારા આશીર્વાદ થકી આ દિવસ જોવા મળ્યો.''

શિવાનંદજીએ આવીને કહ્યું, ''રોહિતભાઈ તમે જે સદકાર્યો કર્યા હતા તે પુણ્ય ફરી વળ્યા..હવે પથારી છોડી લોક કલ્યાણનાં કામ શરુ કરો.''

જેમ જેમ સમાચાર ફેલાતા ગયા તેમ સૌ રોહિત પર પ્રભુની મહેરબાનીને વધાવતા ગયા.

એષાને હવે થાક લાગતો હતો પણ, રોહિત હવે એષાને પળ માટે પણ આંખથી દૂર થવા નહોંતો દેતો..એષાએ પોતાના જીવને ધર્મ અને હકારાત્મક માર્ગે વાળવા મથતી હતી જ્યારે રોહિત તેની સાથે જ એકાકાર થઈ રહ્યો હતો. રોહિત સાથેના સહજીવનના આરંભે એષા જે ઝંખતી હતી એ સખ્ય અને ઐક્ય આજે એ પામી રહી હતી.

સમય સરતો જતો હતો. મહિનાઓ, વર્ષો પસાર થઈ રહ્યાં હતાં. કાર્તિક અને રૂચાનાં પરિવારમાં બે અને ધ્રુમિલ અને જાનકીના પરિવારમાં એક સંતાનનો ઉમેરો થયો હતો.

# ગાંધીનગર જિલ્લાના ચાર તાલુકામાં યોજાયેલ સેવાસેતુ કાર્યક્રમમાં કુલ- ૧૦,૬૩૨ અરજદારોની અરજીઓનો નિકાલ

**ગાંધીનગર મહાનગરપાલિકા, દહેગામ-કલોલ નગરપાલિકામાં યોજાયેલ સેવાસેતુ કાર્યક્રમમાં ૩૪૨૩ અરજીઓ આવી : તમામનો નિકાલ**

ગાંધીનગરઃ શનિવારઃ

ગાંધીનગર જિલ્લામાં આજે ચાર તાલુકામાં, બે નગરપાલિકા અને ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં સેવાસેતુ કાર્યક્રમ યોજાયો હતો. તાલુકામાં યોજાયેલ સેવાસેતુ કાર્યક્રમમાં કુલ- ૧૦,૬૩૨ અરજદારોની અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો હતો. તેમજ દહેગામ- કલોલ નગરપાલિકા અને ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં યોજાયેલ સેવાસેતુ કાર્યક્રમમાં કુલ- ૩૪૨૩ અરજદારોએ અરજી અરજદારો દ્વારા કરવામાં આવી હતી. તે તમામનો નિકાલ કરવામાં આવ્યો છે.

ગાંધીનગર જિલ્લાના નાગરિકોને રાજય સરકારની વિવિધ વ્યક્તિલક્ષી સહાય યોજનાસહિત અન્ય લાભો ઘર આંગણે મળી રહે તે માટે દર માસે સેવાસેતુ કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. આજે ગાંધીનગર જિલ્લાના તમામ તાલુકા, બે નગરપાલિકા અને ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં સેવાસેતુ કાર્યક્રમ યોજાયો હતો.

જેમાં ગાંધીનગર તાલુકાનો ચંદ્રાલા ગામે, દહેગામ તાલુકાનો વાસણા રાઠોડ ગામે, કલોલ તાલુકાનો રામનગર ગામે અને માણસા તાલુકાનો શોભાસણા ગામે સેવાસેતું કાર્યક્રમ યોજાયો હતો.

ગાંધીનગર જિલ્લાના ગાંધીનગર તાલુકામાં યોજાયેલ સેવાસેતુ કાર્યક્રમમાં કુલ- ૩૬૨૦ અરજીઓ, દહેગામ તાલુકામાં યોજાયેલ સેવાસેતુ કાર્યક્રમમાં કુલ- ૧૮૮૦ અરજીઓ, કલોલ તાલુકામાં યોજાયેલ સેવાસેતુ કાર્યક્રમાં ૨૭૬૫ અરજીઓ અને માણસા તાલુકામાં યોજાયેલ સેવાસેતુ કાર્યક્રમમાં ૨૩૬૭ અરજીઓ મળી કુલ- ૧૦,૬૩૨ અરજીઓ આવી હતી તે તમામનો નિકાલ કરવામાં આવ્યો છે.

ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં યોજાયેલ સેવાસેતુ કાર્યક્રમમાં કુલ- ૧૪૬૩, દહેગામ નગરપાલિકા વિસ્તારમાં યોજાયેલ સેવાસેતુ કાર્યક્રમમાં ૯૩૮ અને કલોલ નગરપાલિકા વિસ્તારમાં યોજાયેલ સેવાસેતુ કાર્યક્રમમાં ૧૦૨૨ મળી કુલ- ૩૪૨૩ અરજીઓ આવી હતી. તે તમામ અરજીઓનો યોગ્ય નિકાલ કરવામાં આવ્યો છે.

# બનાસકાંઠા જળબંબોળઃ દિયોદરમાં ૮ ઈંચ વરસાદથી ઠેર-ઠેર પાણી ભરાયા

પાલનપુર,તા.૨

ઉત્તર ગુજરાતમાં મેઘરાજાએ પધરામણી કરતાં ખેડૂતોના ચહેરા ઉપર રોનક જોવા મળી રહી છે. ગઈકાલે રાત્રે બનાસકાંઠા જિલ્લાના દિયોદરમાં ૨૪ કલાકમાં ૮ ઈંચ વરસાદ આવ્યો હતો. જેને કારને સ્કૂલ કેમ્પસ, રોડ-રસ્તા પાણીમાં ગરકાવ થયા હતા. આ સાથે ડીસામાં પણ ૫ ઈંચ જેટલો વરસાદ આવતા ઈં ચાર રસ્તા પાસેની દુકાનમાં પાણી ભરાયાં છે. તો વળી સાબરકાંઠા જિલ્લામાં પણ ઉપરવાસમાં ભારે વરસાદને કારણે સાબરમતી નદીમાં નવા નીર આવ્યા છે. બનાસકાંઠાના દિયોદર પંથકમાં મોડી રાતે ધોધમાર વરસાદ થયો છે. જેથી ખેડૂતોમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. દિયોદરમાં ૨૪ કલાકમાં ૮ ઈંચ વરસાદ થયો છે. જેને કારણે સ્કૂલ કેમ્પસ, રોડ-રસ્તા અનેક વિસ્તારોમાં પાણી ભરાયાં છે. સાથે જ દિયોદરના અમૂક વિસ્તારમાં વૃક્ષો ધરાશાયી થવાની ઘટના પણ બની છે. દિયોદર સાથે ડીસામાં પણ ૫ ઈંચ વરસાદ થયો છે.ગઈકાલે રાત્રે ડીસામાં પણ ૫ ઈંચ જેટલો વરસાદ આવતા ખેડુતોમાં ખુશી જોવા મળી હતી. જોકે ભારે વરસાદને કારણે ડીસાના ઈં ચાર રસ્તા પાસેની દુકાનમાં પાણી ભરાયાં છે. આ સાથે ડીસાના બેકારી કુવા વ્હોળા વિસ્તારમાં બે મકાન ધરાશાયી. ભારે વરસાદને કારણે બે કાચા પતરાવાળા મકાન ધરાશયી થયા હોવાનું સામે આવ્યું છે. જોકે સદનસીબે ઘટનામાં કોઈ જાનહાની નહી થતાં લોકોએ રાહતની શ્વાસ લીધો હતો. ની છે.

ઉત્તર ગુજરાતમાં ગઈકાલે આવેલા વરસાદને કારણે ખેડૂતોમાં આનંદ જોવા મળી રહ્યો છે. આ તરફ સાબરકાંઠાની સાબરમતી નદીમાં નવા નીરનું આગમન થયું છે. ઉપરવાસમાં ભારે વરસાદથી નદીમાં નવા નીર આવતા ખેડૂતોમાં ખુશી જોવા મળી રહી છે. જેને લઈ હવે ધરોઈ ડેમમાં પણ પાણીની નવી આવક થશે.

# રાજકોટઃ વરસાદી પાણી ભરેલા ખાડામાં નહાવા પડતાં બે ભાઈનાં મોત

રાજકોટ,તા.૨

અષાઢી બીજના રોજ એક તરફથી ભગવાન જગન્નાથજીની બહેન સુભદ્રા અને ભાઈ બલરામ સાથે રથયાત્રા નીકળી હતી તો બીજી તરફ રાજકોટ શહેર તેમજ રાજકોટ જિલ્લાના ૧૦ જેટલા તાલુકામાં મેઘરાજાની મેઘયાત્રા નીકળી હતી. રાજકોટ જિલ્લાના લોધિકા, પડધરી, સરધાર અને ગોંડલ તાલુકામાં મોટાભાગના ગામડાઓમાં ધોધમાર વરસાદ વરસ્યો હોવાનું સામે આવ્યું હતું. બીજી તરફ રાજકોટના ગ્રામ્ય પંથકોમાં બે જેટલા અણ બનાવો બન્યા હોવાનું સામે આવ્યું હતું. જોકે, એક બનાવમાં સાત લોકોનો ચમત્કારિક બચાવ થયો હોવાનું સામે આવ્યું છે. જ્યારે કે બીજા બનાવમાં બે સગા ભાઈનાં મોતની નીપજયા હોવાનું સામે આવ્યું છે. જાણવા મળતી વિગતો અનુસાર બંને ભાઈઓ મૂળ મધ્યપ્રદેશના વતની હોવાનું પણ સામે આવ્યું છે.

પ્રાપ્ત માહિતી અનુસાર રાજકોટના ગ્રામ્ય પંથકમાં બે ભાઈઓના પાણી ભરેલા ખાડામાં નાહવા પડતા ડૂબી જવાથી મોત નીપજયા છે. શુક્રવારના રોજ માતાપિતા બાંધકામની સાઈટ પર કડિયા કામ કરી રહ્યા હતા, આ સમયે બંને ભાઈઓ બાંધકામની સાઈટ પરથી નીકળી ગયા હતા. રસ્તામાં વરસાદી પાણીથી ભરાઈ રહેલા ખાડામાં બંને ભાઈઓ નહાવા માટે પડ્યા હતા. આ દરમિયાન ડૂબી જવાથી બંનેનાં મૃત્યું થયા હતા. સાંજે બંને બાળકો બાંધકામ સાઈટ પર પરત ન ફરતા માતા-પિતાએ શાપર વેરાવળ પોલીસને જાણ કરી હતી. શોધખોળ દરમિયાન વરસાદી પાણી ભરેલા ખાડામાંથી બંને બાળકોના મૃતદેહ મળી આવ્યા છે. પોલીસ દ્વારા જરૂરી પંચનામાની કાર્યવાહી પૂર્ણ કર્યા બાદ બંને બાળકોની લાશને પોસ્ટમોર્ટમ અર્થે પીએમ રૂમ ખાતે ખસેડવામાં આવી હતી. પાંચ વર્ષના અર્જુન અને નવ વર્ષના અશ્વિનનું ડૂબી જવાથી મોત નીપજતા પરિવારજનોમાં શોકની લાગણી વ્યાપી ગઈ હતી.

બીજા એક બનાવમાં રાજકોટ જિલ્લાના લોધિકા તાલુકામાં સાત જેટલા મજૂરોનો ચમત્કારિક બચાવ થયો હતો. શુક્રવારના રોજ રાજકોટના લોધિકા તાલુકામાં ધોધમાર વરસાદ વરસ્યો હતો.

ધોધમાર વરસાદના કારણે નદીઓમાં ઘોડાપૂર આવ્યું હતું. આ સમયે એક કાર નદીના ધસમસતા પ્રવાહમાં ફસાઈ હતી. સમગ્ર મામલાની જાણ ગ્રામજનોને થતા ગામના તરવૈયાઓ જીવના જોખમે નદીમાં કૂદી પડ્યા હતા. તેમજ સાતેય લોકોને દોરડા વડે ખેંચીને પાણીના પ્રવાહમાંથી બહાર કાઢ્યા હતા. ગ્રામજનોના જણાવ્યા પ્રમાણે એવી વીજ લાઈનનું કામ પૂર્ણ કરી મજૂરો કારમાં પોતાના ઘરે જઈ રહ્યા હતા.

## દાહોદ ગરબાડા હાઇવે પર ઇકો અને સ્વીફ્ટ ટકરાતાં ૨ના મોત, મહિલા સહિત ચાર ઇજાગ્રસ્ત

દાહોદ,તા.૨

દાહોદ ગરબાડા હાઈવે પર ખરજ ગામની નજીક એક ઈકો કાર અને સ્વીફ્ટ ડિઝાયર કાર સામ સામે અથડાતાં ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં બે વ્યક્તિઓના મોત નીપજ્યા છે જ્યારે મહિલા સહિત ચારને ઈજા થઈ છે. ઈકો કારનો ચાલક પણ ઈજાગ્રસ્ત છે ત્યારે મૃતકોના મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે મોકલી અને ઈજાગ્રસ્તોને સારવાર માટે દવાખાને ખસેડાયા હતા. ઘટના સ્થળે સ્થાનિકોના ટોળા ધસી આવ્યા હતા તેમજ પોલીસે પણ આગળની કાર્યવાહી હાથ ધરી છે. અકસ્માતમાં બંન્ને વાહનોને પણ મસ મોટું નુક્સાન થયુ છે.

દરેક વાહનમાં મુસાફરો બેસાડવાની મર્યાદા નક્કી કરેલી હોવા છતાં ઘણી વાર તેના કરતાં પણ વધારે લોકોને બેસાડી દેવામાં આવે છે. પરિણામે જ્યારે અકસ્માત થાય છે ત્યારે વધારે લોકોની જાનહાનિ થાય છે ત્યારે પ્રાથમિક માહિતી પ્રમાણે સ્વીફ્ટમાં ૭ લોકો મુસાફરી કરી રહ્યા હતા.

# શમા બિંદુએ આત્મવિવાહ કરતા લોકોએ મકાન ખાલી કરાવ્યું,વડોદરા પણ છોડયું

વડોદરા,તા.૨

દેશમાં પ્રથમ આત્મવિવાહ કરનારી યુવતી શમા બિંદુને આખરે પોતાનું ઘર અને શહેર બંન્ને છોડવું પડયું છે.આત્મવિવાહ કરવાના નિર્ણયની જાહેરાત કરવાથી જ શમા બિંદુ વિરોધનો સામનો કરી રહી હતી.ગત મહિને તેણે બહેનપણીઓની હાજરીમાં આત્મવિવાહ કર્યા હતાં ત્યારે હવે તેને પોતાનું ભાડાનું ઘર ખાલી કરવુ પડયુ છે આ સાથે જ તેણે નોકરી પણ છોડી અને વડોદરા શહેરને પણ અલવિદા કર્યું છે.

ગત મહિને વડોદરાની શમા બિંદુએ આત્મવિવાહની જાહેરાત કરી હતી ત્યારબાદ તેનો વિવાદ થયો હતો તેણે પહેલા મંદિરમાં આત્મવિવાહની જાહેરાત કરી હતી પરંતુ વિવાદ થયા બાદ તેણે ઘરમાં જ લોકોની હાજરીમાં આત્મવિવાહ કરીને લોકોને ચોંકાવ્યા હતાં હવે શમા બિદુ સુભાનપુરા વિસ્તારમાં જે સોસાયટીમાં રહેતી હતી ત્યાંના રહીશો અને મકાન માલિકે તેને ભાડાનું મકાન ખાલી કરવા દબાણ કર્યું હતું જેથી તેણે ઘર ખાલી કર્યું છે.મકાન ખાલી કરાવવા કરતા શમા બિંદુએ જાતે જ મકાન ખાલી કર્યું હતું જો કે તેણે વડોદરાની નોકરી પણ સ્વેચ્છાએ છોડી દીધી છે તથા તેણે વડોદરા શહેરને પણ અલવિદા કર્યું છે આ વિષે શર્માએ કહ્યું કે હાલ હું કયાં જઉ છું અને કયાં શહેરમાં રહીશ તેની જાહેરાત નહિં કરૂ જો કે હું પાછી આવીશ આવીને બીજી નોકરી શોધીશ હાલ એક મહિના માટે વડોદરાને છોડું છું.પોતાના આત્મવિવાહના નિર્ણય બાદ શમા બિંદુએ કહ્યું કે મેં મારી ખુશીથી આત્મવિવાહ કર્યા છે હું ખુશ છું અને મારા નિર્ણય પર મકકમ છું લોકો મારા આ નિર્ણયને બિરદાવી રહ્યાં છે તેઓ મને શુભેચ્છા પણ પાઠવે છે એવા પણ લોકો છે જેઓએ આત્મવિવાહ કરવા માટે મારો સંપર્ક કર્યો છે પરંતુ મારા મતે સજાતીય લગ્ન કરવા ગેરકાયદેસર નથીક્ષમા બિદુએ ૮ જુનના રોજ સાંજે પોતાના ઘરે જ આત્મવિવાહ કરી લીધા હતાં શમાએ અગાઉ ૧૧ જુને લગ્ન કરવાની જાહેરાત કરી હતી શમાના આત્મવિવાગને લઈ ભાજપ નેતા સુનિતા શુકલએ વિરોધ કર્યો હતો મંદિરમાં આત્મવિવાહ કરવાનો વિરોધ થતા તેમણે ઘરે જ લગ્ન કર્યા હતાં શમાએ ૮થી ૧૦ મિત્રોની હાજરીમાં આત્મવિવાહ કર્યા હતાં પુજારી ન મળતા બ્લુ ટુથ પર મંત્ર વગાડી પોતાને જાતે ફેરા ફરી લીધા હતાં આમ શમાએ વિરોધના ડરે ગુપ્ત રીતે આત્મવિવાહ કર્યા છે.

# બોરસદમાં ૧૨ ઈંચ વરસાદથી પુર જેવી સ્થિતિ

આણંદ,તા.૨

આણંદના બોરસદમાં એક જ રાતમાં ૧૨ ઈંચ વરસાદથી તારાજી સર્જાઈ છે.બોરસદના રસ્તા પાણી ગરકાવ થયા તો સોસાયટી બેટમાં ફેરવાઈ ગઈ છે તારાજી બાદ એનડીઆરએફએ બચાવ અને રાહત કામગીરી શરૂ કરી છે.૨૦૦થી વધુ લોકોને સલામત રીતે આશ્રય સ્થાનમાં એનડીઆરએફ દ્વારા ખસેડવામાં આવ્યા છે.લોકોના ઘર અડધા વરસાદી પાણીમાં ગરકાવ થયા હતાં

આણંદના બોરસદમાં મેધ તારાજીથી હાલાકી સર્જાઈ છે.બોરસદમાં ભારે વરસાદને પગલે ન માત્ર શહેર પરંતુ આસપાસના ગામડા પણ પાણીમાં ગરકાવ થયા છે બોરસદ તાલુકાના કસારી પબાસે બે લોકોના પાણીમાં ડુબી જવાથી મોત નિપજયા છે તો ભાદરણમાં ૩૫થી વધુ ગધેડાઓના પાણીમાં ડુબવાથી મોત થયા છે આ ઉપરાંત ચાર ભેંસ અને પાંચ બકરીઓ પણ ડુબવાના સમાચાર છે આમ પહેલા જ વરસાદમાં ૬૫ પશુઓના મોત નિપજયા છે આમ બોરસદમાં પુર જેવી સ્થિતિ સર્જાઈ છે.

બોરસદામાં વરસાદના આંકડા જોઈએ તો આંકરાવમાં બે મીમી,આણંદમાં ચાર મીમી,ખંભાતમાં ૧૭ મીમી પેટલાદમાં ચાર મીમી અને બોરસદમાં ૨૩ મીમી વરસાદ થયો છે.